


Banas Dairy
India's Pride - Asia's Best

બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૮ | ઓગસ્ટ-૨૦૨૩

www.banasdairy.coop | banasdairy1969 | banasdairy1969 | banasdairy1969 | banasdairymedia

**પ્રેરણાના અવિરત સ્ત્રોત:**
ચેરમેન શ્રી શંકરભાઈએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે પ્રેરણાદાયી મુલાકાત કરી માર્ગદર્શન પ્રાપ્ત કર્યું.

**પશુપાલકોનો અવાજ**
એટલે બનાસ રેડિયો: બનાસવાણી થકી બનાસકાંઠામાં કૃષિ અને પશુપાલન વ્યવસાય અંગેની જાગૃતતા આવી.

**સફેદ ચંદન એટલે સમૃદ્ધિનું સાધન:**
જિલ્લાના ખેડૂતો કરોડપતિ બને એવા હેતુ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ એ ચંદનની ખેતીની શરૂઆત કરાવી.



પ્રકાશન:- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

# પ્રેરણાનાં અવિરત સ્ત્રોત

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે પ્રેરણાદાયી મુલાકાત કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ



**પ્રજા કલ્યાણને સમર્પિત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું આદર્શમય જીવન સતત કામ કરવાની પ્રેરણા પૂરી પાડે છે: ચેરમેન શ્રી શંકરભાઈ**

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ૮ ઓગષ્ટ, ૨૦૨૩ નાં રોજ દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે પ્રેરણાદાયી મુલાકાત કરી હતી. તેઓએ મોદીજીને બનાસ ડેરીનું શુદ્ધ અને ગુણવત્તાથી ભરપુર બનાસ ઘી તેમજ ઓર્ગેનિક રીતે ખેતી કરીને પકવેલી બનાસની ખારેક ભેટ સ્વરૂપે અર્પણ કરી હતી. તે ઉપરાંત ખેડૂતો, પશુપાલકો તેમજ પર્યાવરણ માટે કામ કરવા અંગે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું અને વારાણસી-કાશી બનાસ સંકુલ સંદર્ભે પ્રગતિ કાર્યોનો અહેવાલ આપ્યો હતો.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી સાથે મુલાકાત દરમિયાન ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ ડેરીના નવા પ્લાન્ટની કામગીરી અંગેની વિસ્તૃત માહિતી આપી હતી અને સત્વરે કાર્ય પૂર્ણ કરી પ્લાન્ટને શરૂ કરવા જણાવ્યું હતું. મોદીજીનાં નેતૃત્વમાં પશુપાલકો અને ખેડૂતોનો સર્વાંગી વિકાસ થયો છે. એટલે એમનું નેતૃત્વ અને માર્ગદર્શન ખુબજ પ્રેરણાદાયી તેમજ પ્રોત્સાહનકારક છે, તેથી જ બનાસ ડેરી સાથે જોડાયેલા ૫ લાખ કરતાં વધુ પશુપાલક પરિવારનો સર્વાંગી વિકાસ અને  નાસ ડેરીને વિશ્વફલક પર કઈ રીતે પહોંચાડી શકાય તે સંદર્ભે માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું. મોદીજી સાથે ચેરમેન શ્રી ની મુલાકાત બનાસ ડેરી અને લાખો પશુપાલકો-ખેડૂતો માટે પ્રેરણારૂપ છે, કારણ કે એમનું યોગદાન પશુપાલકો અને ખેડૂતોની આવક વધારવામાં મહત્વપૂર્ણ રહ્યું છે.

જયારે શ્રી નરેન્દ્રભાઈ મોદીજી ગુજરાત રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી હતા ત્યારે અને હવે જયારે તેઓ દેશના લોકપ્રિય વડાપ્રધાન છે ત્યારે પણ બનાસ ડેરીને જરૂરી માર્ગદર્શન, સાથ સહકાર અને સહાય પુરી પાડીને બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો-પશુપાલકોને આત્મનિર્ભર, સ્વાવલંબી અને સક્ષમ બનાવવા સતત પ્રયત્નશીલ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ સહકારી માળખાને મજબુત બનાવી 'સહકારથી સમૃદ્ધિ' ના સંકલ્પને સાકાર કરવા માટે કરેલ પ્રયાસ, પરિશ્રમ અને પરિવર્તન સમગ્ર ભારત દેશ સહ વિશ્વ માટે પણ આદર્શ અને પ્રેરણાદાયી છે.



# આન, બાન, શાન સાથે ચેરમેન શ્રી શંકરભાઈની અધ્યક્ષતામાં કરાઇ રાધનપુર ખાતે ૭૭માં સ્વતંત્રતા પર્વની ભવ્ય ઉજવણી

**માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં નેતૃત્વમાં દેશ ગુલામીની માનસિકતાને ભૂલીને આઝાદીની ભાવના સાથે આગળ વધી રહ્યો છે: ચેરમેન શ્રી શંકરભાઈ**



૭૭માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે આદર્શ વિદ્યાલય, રાધનપુર ખાતે આયોજિત ધ્વજવંદન કાર્યક્રમમાં ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સહભાગી થઈ ધ્વજવંદન સહ પર્વની ઉત્સાહભેર ઉજવણી કરી હતી. તેઓ શ્રીએ મહાન ભારતીય સ્વતંત્રતા સેનાનીઓને યાદ કર્યા તેમજ ભારતને સમૃદ્ધ, સર્વશ્રેઠ અને આત્મનિર્ભર બનાવવા ઉપસ્થિત સૌ સાથે સંકલ્પબદ્ધ બન્યા. વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રાષ્ટ્રના વિકાસમાં આપણે પણ સતત પુરુષાર્થ કરી મહત્તમ યોગદાન આપવા માટે પાટણ જિલ્લાવાસીઓને આહ્વાન કર્યું હતું.  ખુશી વ્યક્ત કરતાં વધુમાં તેમણે જણાવ્યું હતું કે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના નેતૃત્વમાં દેશ ગુલામીની માનસિકતાને ભૂલીને આઝાદીની ભાવના સાથે આગળ વધી રહ્યો છે.




૭૭માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે ધ્વજવંદન કાર્યક્રમને સંબોધતા જણાવ્યું હતું કે મને મારી માતૃભૂમિ પર આવીને ધ્વજવંદન કરવાનું જે સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તે મારા માટે ગૌરવની વાત છે. મારી માતૃભૂમિને આજના સ્વતંત્રતા પર્વ પર વંદન કરું છું. રાધનપુર તાલુકાના લોકોએ હંમેશા મારા પર આશીર્વાદ વરસાવ્યા છે. આજે જ્યારે સમગ્ર દેશ 'મારી માટી, મારો દેશ' અભિયાનની ઉજવણી કરી રહ્યો છે ત્યારે મને કહેતા આનંદ થાય છે કે આ અભિયાન અંતર્ગત ગુજરાતમાંથી કુલ ૨.૦૫ લાખ જેટલા ગામોની માટી એક સાથે દિલ્હીના કર્તવ્યપથ પર જશે. સમગ્ર દેશ હર ઘર તિરંગા અભિયાન અંતર્ગત તિરંગો લહેરાવી રહ્યો છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ યોગ, આંતરરાષ્ટ્રીય મિલીટસ વર્ષ, ચંદ્રયાન મિશન વગેરેની વાત પણ કરી હતી. જિલ્લા કક્ષાના ધ્વજવંદન સમારોહમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ લોકોને સંબોધિત કરતા કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ થકી કઈ રીતે દેશ, રાજ્ય અને પાટણ જિલ્લાના લોકો લાભ લઈ રહ્યા છે તેની વાત કરી હતી. તેઓએ જણાવ્યું હતું કે આપણા દેશના વિકાસની નોંધ આજે વૈશ્વિક કક્ષાએ થઈ રહી છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણ યોજનાઓ થકી પાટણ જિલ્લાના નાગરિકોની સુખાકારીમાં નોંધપાત્ર વધારો થયો છે. પાટણ જિલ્લામાં આરોગ્ય, શિક્ષણ, કૃષિ, પશુપાલન, પાણી જેવી પાયાની સુવિધાઓ છેવાડાના ગામ સુધી પહોંચી છે. શિક્ષણની વાત હોય કે પીવાના પાણીની સમસ્યાની વાત હોય દરેક ક્ષેત્રમાં આ વિસ્તાર વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. એક સમયે આ સરહદી વિસ્તારમાં દીકરીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું હતું, પરંતુ આજે અહીંની દીકરીઓ શિક્ષણ ક્ષેત્રે અનેક નામના મેળવી રહી છે. આજે આ સરહદી વિસ્તારના લોકોને પીવાના પાણી માટે દૂર જવું નથી પડતું. આજે દરેક ઘરમાં નળ થી જળ યોજના અંતર્ગત પાણી પહોંચતું થયું છે. આજે જ્યારે સ્વતંત્રતા પર્વની આપણે સૌ ઉજવણી કરી રહ્યા છીએ ત્યારે પાટણ જિલ્લાના નાગરિકોને ફરી એકવાર સ્વતંત્રતા પર્વની શુભેચ્છા પાઠવું છું.



**રાધનપુર ખાતે આયોજિત ૭૭માં સ્વતંત્રતા પર્વની ઉજવણીનાં ભાગરૂપે આદર્શ વિદ્યાલયમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીનાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંરક્ષણને વેગ આપવા અને વિસ્તારને હરિયાળો બનાવવાનો સુંદર સંદેશ આપ્યો છે.**



# બનાસને હરિયાળો બનાવવા બનાસ ડેરી કટીબદ્ધ: જિલ્લાભરમાં કરાયું વૃક્ષોનું નિઃશુલ્ક વિતરણ

## 'વૃક્ષ વાવો જીવનદાન આપો' ને સાર્થક કરવા કરાયું વૃક્ષોનું વિતરણ



કોરોના સમયમાં આપણને ઘણું બધું શીખવવા મળ્યું છે. આ સમયે આપણને ઓક્સિજનની મહત્તા કેટલી છે તે સારી રીતે ખબર પડી. લાખો રૂપિયા ખર્ચ કરતા પણ લોકો પોતાના જીવ બચાવી શક્યા નથી. આપણને ઓક્સિજન કુદરત પાસેથી સાવ મફતમાં મળે છે, તો શું આપણે કુદરતનો ઋણ ચૂકવવું ના જોઈએ? કુદરતનું ઋણ ચૂકવવા અને પૃથ્વીની શાન ગણાતા વૃક્ષોનું વાવેતર કરી પર્યાવરણનું સંરક્ષણ કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ જિલ્લાભરમાં અલગ અલગ પ્રકારના વૃક્ષોનું નિશુલ્ક વિતરણ કરવાનું અનોખું કાર્ય કરીને વૃક્ષ વાવી જીવનદાન આપવાની ભાવનાને કાયમ કરી છે.

બનાસ ડેરી પાસે પોતાની એક નર્સરી છે, જ્યાં અલગ અલગ પ્રકારના વૃક્ષના રોપાઓ તૈયાર કરવામાં આવે છે. તે રોપાઓને ગાડી મારફતે જિલ્લાભરની દૂધ મંડળીઓએ પહોચાડવામાં આવે છે. દૂધ મંડળી દ્વારા ગ્રામજનોની અંદર વહેંચણી કરવામાં આવે છે અને વૃક્ષારોપણ કરી તેનો ઉછેર અને જતન કરવાનો સંકલ્પ લેવડાવામાં આવે છે.

ધર્મમાં પણ કહેલું છે કે જીવનમાં દરેકે એક વૃક્ષ વાવવું જોઈએ અને આપણે જાણીએ છીએ કે આપણો ધર્મ હંમેશા વિજ્ઞાન સાથે જ વાત કરે છે. ગીતામાં પણ ભગવાન શ્રીકૃષ્ણએ કહ્યું છે કે વૃક્ષોમાં હું પીપળો છું. જે કહેવાનું તાત્પર્ય એ જ છે કે







પીપળો ૨૪ કલાક ઓક્સિજન આપે છે તેથી પૃથ્વી પર રહેલા તમામ જીવને જીવન જીવવામાં કોઈ તકલીફ ના પડે.

પૃથ્વી પર વૃક્ષોનું મહત્વ સમજાવતા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી હંમેશા જણાવે છે કે વૃક્ષો પશુ-પક્ષીઓ માટે રહેવાનું ઘર અને થાકેલા માનવીનો વિસામો છે, એનાથી પણ વધુ વૃક્ષો એ પૃથ્વીના ફેફસા છે. ઋષિમુનિ અને સંતોએ સાદગી ભર્યા જીવન આચરણમાં શ્રેષ્ઠ જીવન જીવવાના માર્ગ આપણને વૃક્ષોમાંથી બોધપાઠ લઈ પરોપકારી જીવન જીવવા દિશા સુચન આપેલ છે. પ્રકૃતિ વૃક્ષો અને છોડ સાથે મનુષ્યનો સદીઓથી અતૂટ સબંધ રહ્યો છે. આપણી ભારતીય સંસ્કૃતિ પણ તપોવનની સંસ્કૃતિ તરીકે પ્રસિદ્ધિ પામી છે. ધાર્મિક સાંસ્કૃતિક તેમજ ઔષધીય દ્રષ્ટિએ પણ વૃક્ષો પોતાનો આગવું અને અનન્ય મહત્વ ધરાવે છે. આપણે ત્યાં વૃક્ષોને સંતોની પદવી આપેલી છે જે યોગ્ય જ છે.

આજની આ વિકાસની પરિભાષામાં વૃક્ષોનું મહત્વ આપણે સ્વીકારીને બનાસકાંઠાને હરિયાળો બનાવવાનો સંકલ્પ કરવો જોઈએ સાથે વૃક્ષ ઉછેરને દરેક બનાસવાસીએ એક જવાબદારી સમજવી જોઈએ અને વૃક્ષ જાળવણીને જીવન ક્રમ સાથે જોડવી જોઈએ.

વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવા, તેનો ઉછેર અને જતન કરવા માટેની પ્રેરણા તથા પ્રોત્સાહન બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પુરી પાડી રહ્યાં છે.





# બનાસ કાશી સંકુલ, વારાણસીનું કામ પૂર્ણતાના આરે

## બનાસ ડેરીનો નવો પ્લાન્ટ વારાણસીને કરશે વિકાસના મોડેલમાં રૂપાંતરિત



બનાસ ડેરી સહકારી ભાવના સાથે લાખો ખેડૂતો અને પશુપાલકોને જોડીને સર્વાંગી સુખાકારી માટે સતત કાર્યરત છે ત્યારે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીનો નવો પ્લાન્ટનું નિર્માણ કાર્ય ચાલુ છે ત્યારે તાજેતરમાં જ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણાધીન પ્લાન્ટની કાર્ય પ્રગતિની માહિતી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને રૂબરૂ મળીને આપી હતી. આ પ્લાન્ટની દૂધ પ્રોસેસિંગ ક્ષમતા ૫ લાખ લીટર પ્રતિ દિવસ છે તેમજ અહિયા દૂધ, દહીં, પનીર, લસ્સી, આઈસ્ક્રીમ અને મીઠાઈનું પણ ઉત્પાદન થશે.

વારાણસી ખાતે નિર્માણધીન બનાસ ડેરીના પ્લાન્ટનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ ના રોજ મોદીજીના શુભહસ્તે કરવામાં આવ્યું હતું. વારાણસીમાં પ્લાન્ટના નિર્માણ થવાથી ત્યાંના જૌનપુર, મછલીશહર, ચંદૌલી, ભદોહી, ગાઝીપુર, મિરઝાપુર અને આજમગઢના ૧૦૦૦ ગામોના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયથી ફાયદો થશે તથા રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્રોત બનશે. વારણસી ઝડપી વિકાસના મોડેલમાં રૂપાંતરિત થઇ રહ્યું છે. બનાસ ડેરીનો આ નવો પ્લાન્ટ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન, સરળતા, સગવડતા અને સુવિધાઓ લાવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણ થનાર પ્લાન્ટની મુલાકાત કર્યા બાદ જણાવ્યું હતું કે છેલ્લા ૭-૮ વર્ષોમાં બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્તર પ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડીશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવા રાજ્યોમાં બનાસ ડેરીએ પોતાની શાખાઓ શરુ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી રહી છે. સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ છે.



# "એક લીલી કુંપળે પત્થર ફાડીને ધરતી પર વહાલ વરસાવ્યું, જાણે કે અંબાજીના આંગણે જંગલ ધસી આવ્યું"

## પર્વતના પથ્થરોને તોડીને અંબાજી યાત્રાધામમાં ફૂટી લીલીછમ કુંપળો
## બનાસવાસીઓના પ્રયાસ, પરિશ્રમ અને પુરુષાર્થનું પરિણામ છે આ લીલીછમ કુંપળો







બનાસ ડેરી દ્વારા છેલ્લા કેટલાક વર્ષોથી બનાસકાંઠા જિલ્લાને હરિયાળો બનાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે ત્યારે કુદરતી સૌંદર્ય એવા પર્વતો પણ હરિયાળા બને તે અભિગમ સાથે સીડબોલ મહાઅભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. ચાલુ ચોમાસાની ઋતુમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરીએ જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોના સાથ સહકારથી લાખો સીડબોલ બનાવ્યા હતા, જેમાં અલગ અલગ પ્રકારના બીજ રાખીને તેનું વાવેતર કરવામાં આવ્યું હતું. બનાસડેરીની આ ઝુંબેશ પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરશે. અંબાજીનાં યાત્રાધામનાં પર્વતો પર સીડબોલનાં વાવેતરથી મંદિરની આજુબાજુનો વિસ્તાર હરિયાળો અને રમણીય બનશે. યાત્રાધામની સુંદરતામાં વધારો થશે તેમજ શક્તિપીઠોની શોભા વધશે. સીડબોલનાં વાવેતરનાં થોડા સમયની અંદર જ સીડબોલમાંથી બીજ પથ્થરને તોડીને ઉગી નીકળ્યા છે. સુંદર અને લીલીછમ નાની કુંપળો ફૂટી છે. જે ભવિષ્યમાં વિશાળ વૃક્ષનું રૂપ ધારણ કરીને પર્વતોની સુંદરતામાં વધારો કરશે, પર્યાવરણનું સંવર્ધન-સંરક્ષણ કરશે. મોટા પ્રમાણમાં વૃક્ષો ઉગી નીકળતા અહિયા જંગલ ઉભું થશે.

અંબાજીના પહાડો ઉપર વૃક્ષોની સંખ્યા ઘટી રહી છે. જેથી પહાડો ઉપર લીલોતરી ઘટી ગઈ છે. જંગલ ખતમ થઇ રહ્યું છે. ત્યાં રહેતા જંગલી પ્રાણીઓનું ઘર વિખરાઈ રહ્યું છે. જો કુદરતી સંપતિનું રક્ષણ નહિ કરાય તો જે કુદરત પાસેથી આપણને મળી રહ્યું છે તે મળતું બંધ થઇ જશે, જેના લીધે જીવસૃષ્ટિને જીવવું પણ મુશ્કેલ થઇ શકે છે. બનાસ ડેરીએ પરિસ્થિતિને જોઈને અનેક ગામોમાં ગામ લોકોનાં સહયોગ દ્વારા ગાય અને ભેંસના છાણ તેમજ કાંપવાળી માટીમાંથી સીડબોલ બનાવ્યા હતા. આ સિડ્સબોલમાં અલગ-અલગ પ્રકારના વૃક્ષોના બીજ મૂકીને તેને પેક કરાયા હતા. આ સીડબોલ થકી વેરાન પર્વતો પર અલગ અલગ પ્રકારના ફળદાયી અને વિશાળ વૃક્ષોનાં બીજનું વાવેતર કર્યું હતું. આ સીડબોલમાંથી સુંદર મજાની લીલીછમ કુંપળો પથ્થરને તોડીને







ઉગી નીકળ્યા છે. ખેતી અને પશુપાલન આધારિત બનાસકાંઠા જિલ્લાને 'ગ્રીન બનાસકાંઠા' બનાવવાના ઉમદા અભિગમ સાથે સતત ત્રીજા વર્ષે પણ ''One more, Seed ball'' નાં સંકલ્પ સાથે આગળ વધી બનાસ ડેરી દ્વારા સીડબોલ રોપવામાં આવી રહ્યાં છે.

આ સીડબોલ અભિયાન અંતર્ગત પર્વતો ઉપર ગરમાળો, ખેર, ખજુર, સીતાફળ, કરંજ, વાંસ, બીલી, ગુંદી, ગુંદા, કાઠી, ખાટી આંબલી, કાળો સીરસ, બોર, ધવ, ગોરસ આંબલી, ખાખરો, કરમદા, કાસકા, મહુડો, આસીતરો, કણજી, ખીજડો, પારીજાત, હરડે, બહેડા, આંબળા, સરગવો, સેવન, સલાઈ, ટીમરુ, ઉમરો, વડ, પીપળ, રાયણ, જાંબુ, આવળ, અર્જુન સાદર, ધવડીનું વાવેતર કરવામાં આવી રહ્યું છે. તે ઉપરાંત ઉપરોક્ત ૩૮ જાતના જંગલી વૃક્ષોના અંદાજીત ૫ કરોડ બીજના જથ્થા પૈકી સીડબોલ માટે યોગ્ય અમુક બીજની જાતોનું સીડબોલ દ્વારા અને બાકીની ડ્રોન દ્વારા જંગલમાં બીજનું બીજ સ્પ્રેડીંગ કરવામાં આવે છે.

બનાસ ડેરીની દૂધ મંડળીઓના પશુપાલકો, બનાસડેરીના કર્મચારીઓ અને પર્યાવરણ પ્રેમીઓની ભાગીદારી સાથે અંબાજી યાત્રાધામની પાસે આવેલ પર્વતો તેમજ ૫૧ શક્તિપીઠોની આજુબાજુનાં વિસ્તારમાં સીડબોલ મૂકીને ૧.૫ કરોડ કરતાં પણ વધુમાં વધુ વૃક્ષબીજનું વાવેતર કરાયું. આ સીડ બોલ ચોમાસામાં આપોઆપ કુદરતી રીતે અંકુરિત થઇ ગયા છે, જે ભવિષ્યમાં ઘટાદાર જંગલમાં પરિવર્તિત થશે. ઊંડાણ વાળા વિસ્તારોમાં જ્યાં પહોંચવું અઘરુ હોય તેવી જગ્યાએ ડ્રોન થકી સીડબોલનું રોપણ કરવામાં આવે છે.

ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ જણાવ્યુ હતુ કે શક્તિપીઠ અંબાજી મંદિરનું ડેવલોપમેન્ટ વધુ થાય તેવી વડાપ્રધાન નરેન્દ્રમોદીની આસ્થા રહી છે ને તેને પરિપૂર્ણ કરવા બનાસ ડેરી તત્પર બની છે. ઝડપી અને વ્યાપક વનીકરણ માટે સીડ બોલ ફેંકવા માટે ડ્રોનનો ઉપયોગ કરવો જરૂરી છે એટલે ડ્રોનથી મદદથી સીડબોલ ફેંકવામાં આવ્યા. બનાસડેરીની આ ઝુંબેશ પર્યાવરણ અને પ્રકૃતિનું રક્ષણ કરશે. અંબાજીનાં યાત્રાધામનાં પર્વતો પર સીડબોલનાં વાવેતરથી મંદિરની આજુબાજુનો વિસ્તાર હરિયાળો અને રમણીય બનશે. યાત્રાધામની સુંદરતામાં વધારો થશે તેમજ શક્તિપીઠોની શોભા વધશે. બનાસકાંઠા જિલ્લાની અંદર બનાસ ડેરીએ સીડબોલ મહાઅભિયાન શરુ કર્યું હતું, લોકોની ભાગીદારીથી એ અભિયાન આજે વિરાટ બની ગયું છે.



# વરસાદના પાણીથી છલોછલ ભરાયા
# બનાસના અમૃત સરોવર



માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં વિઝનને પરિપૂર્ણ કરવા ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત બનાસ ડેરીએ લોકભાગીદારી સાથે જિલ્લાભરમાં ઊંડા કરાવેલા ૨૩૪ તળાવોમાં વરસાદી નીરનો સંગ્રહ થયો છે. મોટાભાગના તળાવો પાણીથી છલોછલ ભરાતા ગ્રામજનોનાં ચહેરા પર આનંદની લાગણી સ્પષ્ટ જોવા મળી રહી છે. બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત અત્યાર સુધીમાં સમગ્ર જિલ્લામાં થયેલ જળ સંચય કામગીરીમાં કરોડ લીટરથી પણ વધુ પાણીનો જળસંગ્રહ થશે, જેનાથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કુવા અને બોરમાં ઊંડા જતા પાણીના તળ ઉંચા આવ્યા છે. જેનો સીધો લાભ પશુપાલન અને ખેતીમાં સિંચાઈ ક્ષેત્રે પણ મળી રહ્યો છે. વધુમાં સતત ભારે વરસાદ કે અતિવૃષ્ટિ જો હોય તો આવા તળાવ ચોમાસામાં બે ત્રણ વખત ભરાતા હોય છે. આમ તળાવની જળ સંગ્રહ કેપીસીટીમાં વધારો થશે અને આ પાણી ભૂગર્ભમાં ઉતરતા તેનો સંચય થશે.

બનાસકાંઠાનાં ખેડૂતો અને પશુપાલકો પાણી મળવાની ખુશી વ્યક્ત કરતાં જણાવે છે કે ધરતીને અમૃતમય બનાવવા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ કરેલા આહ્વાનને સાચા અર્થમાં સાર્થક અને સફળ બનાવવા ચેરમેનશ્રીએ તાત્કાલિક ધોરણે બનાસવાસીઓના સાથ સહકારથી બનાસ જળશક્તિ અભિયાનમાં કામગીરી ઝડપી શરુ કરી લોકભાગીદારી સાથે ગામડે ગામડે ૨૩૪ તળાવ ઊંડા કરીને તેમાં ચોમાસાના પાણીનો સંગ્રહ જળથી સમૃધ્ધ બનેલો વારસો ભાવિ પેઢીને આપવાનું એક ભગીરથ કાર્ય કર્યું છે.

જિલ્લાનાં તમામ તળાવોમાં ભરપુર પ્રમાણમાં પાણીનો સંગ્રહ થતાં આ વિસ્તારમાં પાણી માટે સર્જાતી સમસ્યા ઓછી થશે. નીચે જતા પાણીના તળ ઊંચા આવશે, ખેડૂતોને સિંચાઈ માટેનું પૂરતું પાણી મળી રહેશે, પશુપાલકોને પશુધન માટે પાણી મળી રહેશે અને પશુપક્ષીઓને પણ પીવા માટેનું પાણી મળી રહેશે. બનાસ સંકુલ સણાદર(દિયોદર) ના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી એ બનાસવાસીઓને નર્મદાના પાણીને ઈશ્વરનો પ્રસાદ, પારસ માનીને આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત બનાસકાંઠા જિલ્લાનાં ગામડે ગામડે તળાવનું નિર્માણ કરવા આહ્વાન કર્યું હતું.





## તળાવોનાં નિર્માણથી થનાર ફાયદાઓ

- તળાવોની સંગ્રહ શકિત વધતાં અને તળાવની આજુબાજુના વિસ્તારમાં ભૂગર્ભ જળ ઉંચા આવતાં, સિંચાઈના વિસ્તારમાં વધારો થશે.
- સારા વરસાદના સંજોગોમાં ત્રણ થી ચાર વખત ચોમાસા દરમ્યાન તળાવો ભરાતાં લાંબા સમય સુધી પાણી સિંચાઈ માટે ઉપયોગમાં લઈ શકાશે.
- પાછોતરા વરસાદની કમી વખતે આ જળસિંચન પાણીથી ખરીફ સીઝનને જીવતદાન આપી શકાશે.
- પશુધનને ચોમાસા સિવાયની ઋતુમાં પણ પીવાનું પાણી ઉપલબ્ધ થશે, જેનાંથી પશુધનના સ્થળાંતરના પ્રશ્નો ઉદ્દભવશે નહિ.

**અમૃત સરોવરનું પાણી ખેડૂતોને ખેતી કરવામાં, પશુધનને પીવડાવામાં અને પાણીના તળને ઊંચા લાવવામાં આશીર્વાદરૂપ સમાન છેઃ**
**- ચેરમેન શ્રી શંકરભાઈ**



# બનાસડેરીનું આરોગ્યવર્ધક, શુદ્ધ અને પોષણયુક્ત

## બનાસ પ્રીમિયમ ઘી મળશે હવે નવા રંગરૂપમાં

**આયુર્વેદમાં જેની ખુબજ પ્રશંસા કરવામાં આવી છે, એ ગુણોથી ભરપૂર, સ્વસ્થ અને શુદ્ધ ઘીની પ્રકૃતિ સાથે છેડછાડ કર્યા વિના તૈયાર કરવામાં આવે છે અને ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે.**






# બનાસ ડેરીનાં પ્રાંગણમાં કરાઇ

## ૭૭માં સ્વતંત્રતા પર્વની ઉજવણી



બનાસ ડેરીના વાઇસ ચેરમેન શ્રી ભાવાજીભાઈ રબારી, મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ ચૌધરીજી તથા એક્ઝિક્યુટીવ ડિરેક્ટર બ્રિગેડિયર શ્રી વિનોદ બાજીયા તેમજ બનાસ ડેરીના સૌ કર્મચારીશ્રીઓએ સ્વતંત્રતા દિવસ નિમિત્તે બનાસ ડેરી સંકુલ પાલનપુર ખાતે ધ્વજવંદન કર્યુ. તે ઉપરાંત બનાસ ડેરીના કાનપુર, ફરીદાબાદ અને લખનૌ સ્થિત પ્લાન્ટમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

ભારતના ૭૭માં સ્વતંત્રતા પર્વ નિમિત્તે એશિયાની સૌથી મોટી ડેરી બનાસડેરીના પટાંગણમાં વાઇસ ચેરમેન શ્રી ભાવાજીભાઈ રબારી અને મેનેજિંગ ડિરેક્ટર શ્રી સંગ્રામ ચૌધરીજીના શુભહસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત બનાસડેરીના કર્મચારી પરિવાર અને જિલ્લાભરના લાખો પશુપાલકોને સ્વાતંત્ર્ય પર્વની શુભકામનાઓ પાઠવતા મેનેજિંગ ડિરેક્ટર શ્રી એ જણાવ્યું હતું કે આઝાદીનાં ૭૭માં વર્ષે સમગ્ર દેશમાં સહકારીતાનો સંકલ્પ સિદ્ધ થયો છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં નવું સહકારિતા મંત્રાલય ઉભું કરી સહકારીતા ચળવળ માટે ઉજ્જવળ ભવિષ્યનો માર્ગ મોકળો કર્યો છે અને રાષ્ટ્રને આત્મનિર્ભર બનાવવા માટે પણ આ જ રસ્તો છે તે એવું જણાવીને પ્રધાનમંત્રીશ્રી તેમજ લાખો પશુપાલકોના સર્વાંગી વિકાસ અને કલ્યાણ માટે કામ કરતાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો આભાર વ્યક્ત કર્યો હતો.

બનાસ ડેરીએ સહકારી પ્રવૃત્તિના માધ્યમથી જિલ્લાના લાખો પશુપાલકો અને ખેડૂતોને આત્મનિર્ભર બનાવીને દૂધના વ્યવસાયની સાથે પર્યાવરણ સંરક્ષણ, જળશક્તિ અભિયાન, માટી બચાવો અભિયાન, મધ, ગોબર, મેડિકલ કોલેજ અને ખાદ્ય તેલ જેવી અન્ય પ્રવૃત્તિઓ દ્વારા તેમને વધારાની આવક મળે તે દિશામાં કામ કરી રહી છે ત્યારે બનાસની સહકારી પ્રવૃત્તિ સમગ્ર દેશ માટે દિશા સૂચક બની રહી છે. આપણો સી.એન.જી. ગેસ પ્લાન્ટ આજે સમગ્ર દેશનું ધ્યાન આકર્ષિત કરીને બનાસ મોડલના સ્વરૂપમાં સૌ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. દેશ-વિદેશના સહકારી તંત્રના સંગઠનો પણ બનાસ ડેરીમાં અભ્યાસઅર્થે આવી રહ્યા છે.

૭૭માં સ્વતંત્રતા પર્વની ઉજવણીમાં બનાસ ડેરીના અધિકારીઓ અને કર્મચારીઓ ભાઇ-બહેનો સહભાગી બનીને રાષ્ટ્રધ્વજને સલામી આપી હતી.





# ખેડૂતો અને પશુપાલકોનો અવાજ એટલે બનાસ રેડિયો

જનપ્રિય અને દેશના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના કરકમળો દ્વારા બનાસડેરી સંકુલ, દિયોદર ખાતે નિર્માણ પામેલ બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM ૯૦.૦૪) નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. રેડિયો સ્ટેશન બનવાના કારણે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને મનોરંજન સાથે પશુપાલન વ્યવસાય અને ખેતી અંગેની વૈજ્ઞાનિક-ટેકનોલોજીની માહિતી તેમજ લોકશિક્ષણ મળતું થયું છે, જેની મદદથી તેઓ પોતાના વ્યવસાયને વિકસિત કરવા માટે સક્ષમ બન્યા છે. આ રેડિયો સ્ટેશન સાથે જિલ્લાના ૧૭૦૦ ગામના લાખો ખેડૂત પરિવાર જોડાય છે, તે ઉપરાંત એક એપ્લિકેશન થકી વિશ્વના શ્રોતાઓ આને સાંભળે છે તેમજ સાથે જોડાઈ રહ્યાં છે.

બનાસ સંકુલ, સણાદર ખાતે સ્થિત બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM ૯૦.૦૪) મુખ્યત્વે પશુપાલન વ્યવસાય અને દૂધ ઉત્પાદકોના જીવનને ધ્યાનમાં રાખીને કાર્યક્રમોનું પ્રસારણ કરવામાં આવે છે. તે ઉપરાંત બનાસ રેડિયોમાં બાળક, સ્વાસ્થ્ય અને ફીટનેસ, રમતગમત, શૈક્ષિણક, પ્રેરણાદાયક, સાંસ્કૃતિક, વૈજ્ઞાનિક, ઈતિહાસ, જીવન કારકિર્દી, પર્યાવરણ સંરક્ષણ જેવા અનેક મહત્વપૂર્ણ વિષયો સંદર્ભે રેડિયો પર કાર્યક્રમો યોજવામાં આવે તેમજ વક્તાઓને નિમંત્રણ આપી વ્યાખ્યાન રાખવામાં આવે છે.

બનાસ કોમ્યુનિટી રેડિયોની એપ્લીકેશન શરૂ કરાઇ છે. હવે વિશ્વના કોઈપણ ખૂણેથી પશુપાલન, ખેતી અને જિલ્લા સબંધિત માહિતી એપ્લીકેશન મારફત સાંભળી શકાય છે. બનાસ રેડિયોની ફ્રિકવન્સી ૯૦.૦૪ છે એટલે કે બનાસ રેડિયો સ્ટેશનથી ૪૦ કિલોમીટર સુધી પ્રસારણ સાંભળી શકાતું હતું. હવે મોબાઈલ એપ્લીકેશનનાં માધ્યમથી સમગ્ર વિશ્વમાં બનાસ ડેરી સબંધિત માહિતી પ્રાપ્ત કરી શકાશે. ગ્રામીણ અને અંતરિયાળ વિસ્તારમાં માહિતી અને મનોરંજન પહોંચાડવાનું, શિક્ષણ પહોંચાડવાનો, આપાતકાલીન પરિસ્થિતિમાં સંચાર અને રાહતમાં મદદ પૂરી પાડવાનું બનાસ રેડિયો એક પ્રભાવશાળી માધ્યમ છે. રેડીયોના માધ્યમથી ઝડપી માહિતી પહોંચે અને પશુપાલકો, ખેડૂતો તેમજ બનાસવાસીઓ એકબીજા સાથે જોડાય તેના પર વધુ ધ્યાન આપવામાં આવે છે.

બનાસ રેડિયોની શરૂઆત કરવા પાછળ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો ઉદ્દેશ્ય હતો કે રેડીયોના માધ્યમથી પશુપાલકો અને ખેડૂતો બનાસ ડેરી સાથે સતત જોડાયેલા રહીને સતત માર્ગદર્શન પ્રાપ્ત કરે, દુનિયામાં શું ચાલી રહ્યું છે તેનાથી અવગત રહે અને વ્યવસાય સાથે મનોરંજન પણ પ્રાપ્ત કરે. બનાસ રેડિયો મનોરંજન સાથે જ્ઞાન વહેચે છે. સવારથી સાંજ સુધી અલગ અલગ વિષયો પર ચર્ચા કરવામાં આવે છે. દેશ અને સ્થાનિક વિસ્તારની સંસ્કૃતિને જાળવી રાખવા લોકોને સતત જાગૃત કરવામાં આવે છે. ખેતી સંદર્ભે નિષ્ણાંત વ્યક્તિને બોલાવીને રેડિયો પર ચર્ચા કરી ખેડૂતોને ખેતીલક્ષી બાબતો જણાવવામાં આવે છે. અમુકવાર જે ખેડૂતોએ પરિશ્રમ કરીને સફળતા પ્રાપ્ત કરી હોય તેમની સફળતાની કહાનીને રેડીયોના માધ્યમથી બધા સમક્ષ રજુ કરવામાં આવે છે, જેના કારણે જિલ્લાના અન્ય ખેડૂતો પણ પ્રેરણા પ્રાપ્ત કરે છે.







# ખેડૂતોના સર્વાંગી વિકાસનું એક સીમાચિહ્નરૂપ એટલે બનાસ આટા પ્લાન્ટ

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં પશુપાલકો અને ખેડૂતોની સમૃદ્ધિની દિશામાં કટીબદ્ધ બનાસ ડેરીનું વધુ એક સાહસ એટલે બનાસ આટા પ્લાન્ટ. બાદરપુરા ઓઇલ સંકુલનાં કેમ્પસમાં બનાસ ડેરીની આધુનિકતા અને આત્મનિર્ભરતા દર્શાવતા આટા પ્લાન્ટનું નિર્માણ કરવામાં આવ્યું છે.

આ પ્લાન્ટ પ્રગતિ, સુખાકારી અને સદ્ધરતાનું પ્રતિક છે.

# પારદર્શક વ્યવહાર



બનાસડેરીની ૫૫મી વાર્ષિક સાધારણ સભાનું આયોજન બનાસ સંકુલ સણાદર (દિયોદર) ખાતે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અને પશુપાલકોની ઉપસ્થિતમાં કરવામાં આવ્યું હતું, જેમાં ૨૦.૨૭ ટકા લેખે ૧૯૫૨ કરોડનો ભાવફેર વધારો પશુપાલકોને આપવાની જાહેરાત કરવામાં આવી હતી. જાહેર કરેલો ભાવફેર બનાસ ડેરી દ્વારા વિતરણ કરવામાં આવી રહ્યો છે. આ ભાવફેરનો વ્યવહાર પારદર્શી રહે અને મહેનતના પૈસા પશુપાલકોને મળે તે માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દરેક દૂધ ઉત્પાદકને પત્ર લખીને એમને મળનાર ભાવફેર અંગેની માહિતીથી અવગત કર્યા છે. ચેરમેનશ્રી એ લખેલા પત્રમાં બનાસ ડેરી દ્વારા ઐતિહાસિક ભાવફેરની રકમ તેમજ દૂધ ઉત્પાદકના ગામની દૂધ મંડળીનાં ભાવફેરની રકમ લખવામાં આવી છે, જેથી દૂધ ઉત્પાદકો તેમને મળનારી રકમની માહિતીથી અવગત રહે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજી દ્રઢપણે માને છે કે પારદર્શિતા અને જવાબદારી પ્રજા તરફી સરકારની બે આધારશીલા છે. તેઓશ્રીની આ વાતથી પ્રેરિત થઈને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પણ માને છે કે પારદર્શિતા અને જવાબદારી પ્રજાને સંઘ સાથે વધુ ગાઢ રીતે જોડે છે. એટલું જ નહિ પણ લોકોને નિર્ણયો લેવાની પ્રક્રિયામાં સમાન તથા આંતરિક ભાગરૂપ બનાવે છે.

પશુપાલકોને પત્રો લખીને પારદર્શક વ્યવહાર કરવાની અનોખી પહેલ દર્શાવે છે કે શ્રી શંકરભાઈ ચૌધરીએ સફળતાપૂર્વક બનાસ ડેરીનાં ચેરમેન તરીકે પૂર્ણ કરેલા ૭ વર્ષ દરમિયાન પારદર્શી વહીવટ તંત્ર પ્રત્યે મક્કમ પ્રતિબધ્ધતા દર્શાવી છે. સંઘનાં નિર્ણયો, નીતિઓ અને નિયમો વાતાનુકુલિત ઓફિસમાં નહિ પણ લોકોની વચ્ચે રહીને ઘડાયા છે. નીતિઓના મુસદ્દા વિશે લોકોના પ્રતિભાવ અને સૂચનો મેળવવાના આશયથી પશુપાલકો સાથે દૂધ દિવસ અને સાધારણ સભાનું આયોજન કરવામાં આવે છે. તેની સાથોસાથ વિકાસના લાભો કોઈપણ વિલંબ વગર સીધેસીધા મળે તેનું ધ્યાન પશુપાલકોને ભાવફેર પત્ર લખવાની પહેલ મારફત રખાયું હતું. પારદર્શિતા માટેનો એમનો મક્કમ નિર્ધાર તથા આ માટેની પ્રતિબદ્ધતાને પ્રત્યક્ષ વ્યવહારમાં મુકવાની એમની રીત, બનાસકાંઠાનાં પશુપાલકો માટે એક ખુલ્લી, પારદર્શી અને પ્રજાને કેન્દ્રમાં રાખનાર સંઘના યુગનો સંકેત પૂરો પાડે છે.





# કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ પ્રોજેક્ટ

## પશુ સંવર્ધન ક્ષેત્રે બનાસ ડેરીની કટીબદ્ધતા



બનાસ ડેરીના દીર્ઘદ્રષ્ટા ચેરમેનશ્રી અને ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રી શંકરભાઈ ચૌધરી સાહેબના માર્ગદર્શન થકી બનાસ ડેરી અને એન.ડી.ડી.બી., આણંદના સહયોગથી બનાસકાંઠા જીલ્લામાં ૨૨-જુલાઈ-૨૦૨૧ના રોજ બનાસડેરીના રૈયા ફાર્મ ખાતેથી કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણનો પાયલોટ પ્રોજેક્ટ શરુ કરેલ છે. આજ દિન સુધી ૪૮૮ ગર્ભનું પ્રત્યારોપણ દૂધ ઉત્પાદકોના ફાર્મ ઉપર અને રૈયા ફાર્મ ખાતેના પશુઓમાં કરેલ છે. તે પૈકી આજ સુધીમાં ૬૫ પશુઓ ગાભણ થયેલ છે અને આ પ્રોજેક્ટના પરિણામ મળવાના પણ શરુ થયેલ છે. તેના ફળ સ્વરૂપ તારીખ ૦૬-૦૮-૨૦૨૨ના દિવસે ધાનેરા તાલુકાના સોતવાડા ગામે ગર્ભ પ્રત્યારોપણ થકી બનાસકાંઠા જિલ્લામાં પ્રથમ કાંકરેજ બચ્ચાંનો જન્મ થયેલ છે. ત્યારબાદ તારીખ ૦૪-૦૯-૨૦૨૨ ના રોજ બનાસ ડેરીના રૈયા ફાર્મ ખાતે પણ પ્રથમ



કાંકરેજ વાછરડીનો જન્મ થયેલ છે અને ૧૭ અન્ય ગાયોનું પણ વિયાણ થયેલ છે. તે બનાસકાંઠાનાં પશુપાલકો માટે એક ગર્વની વાત છે. ગર્ભ પ્રત્યારોપણની વાત કરવામાં આવે તો ભારતમાં ગર્ભ પ્રત્યારોપણની કામગીરી કોઈ પણ સંસ્થા કે કોમર્શીયલ ફાર્મ ઉપર થયેલ તો જોવા મળે છે, પરંતુ કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ અને તે પણ ખેડૂતના ફાર્મ ઉપર થયેલ હોય અને તેના થકી બચ્ચાંનો જન્મ થયેલ હોય તેવી આપણા દેશની આ પ્રથમ ઘટના બનાસકાંઠામાં બનાસડેરી થકી શક્ય બની છે. આ યોજના થકી બનાસ ડેરીએ ઓછા સમયમાં પ્રથમ વેતરમાં વૈજ્ઞાનિક રીતે સારી અને વધુ દૂધ ઉત્પાદન આપતી નવીન પેઢી મેળવવાની શરૂઆત કરી છે.

કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણ યોજનામાં પ્રત્યારોપણ માટે ઉપયોગમાં લેનાર ગર્ભ લેબોરેટરીમાં તૈયાર



કરવામાં આવે છે. તેના માટે ઉચ્ચ વંશાવળી વાળી અને દૈનિક ૨૦-૨૫ લીટર દૂધ આપતી કાંકરેજ ગાયોની પસંદગી કરવામાં આવે છે અને તે ગાયના લોહીના સેમ્પલ દ્વારા બધાજ પ્રકારના રોગોના રિપોર્ટ કરવામાં આવે છે. આ પસંદ પામેલ ગાયોમાં સોનોગ્રાફી મશીનની મદદથી તેમના અંડકોષો પ્રાપ્ત કરવામાં આવે છે અને આ અંડકોષોનું ઉચ્ચ વંશાવળી વાળી દૈનિક ૨૦-૨૫ લીટર દૂધ આપતી કાંકરેજ ગાયના સાંઢના બીજ સાથે ફલીનીકરણ કરવામાં આવે છે. આ ફલીનીકરણ કરેલ અંડકોષો માંથી તૈયાર થયેલ ૭ દિવસ નો ગર્ભ ઓછા દૂધ આપતી સરોગેટ ગાયો/વાછરડિયોમાં મુકવામાં આવે છે.

આ ઉપરાંત બનાસડેરીએ એનડીડીબી અને એનડીએસના ટેકનીકલ સહયોગ થી ઉત્તરપ્રદેશના વારાણસીમાં પણ ગર્ભ પ્રત્યારોપણ થકી વધુ દૂધ આપતી ગાયો તૈયાર કરવાની કામગીરી હાથ ધરેલ છે. તે અંતર્ગત ૧૨૫ જેટલી એચ.એફ. વાછરડીઓ(સરોગેટ) લાવીને તેમાં દૈનિક ૨૦-૨૫ લિટર દૂધ આપતી ગીર, સહીવાલ ઓલાદો પૈદા કરવા માટે ગર્ભ પ્રત્યારોપણ કરવાની કામગીરી ચાલુ કરેલ છે અને ટૂંક સમયમાં લગભગ ૫૦-૬૦ જેટલી ગાયોને ગર્ભ પ્રત્યારોપણ થકી ગાભણ કરવાનું પ્લાનિંગ કરી દીધેલ છે.

**આ યોજનાના ફાયદાઃ**

- આ યોજનાની મદદથી જન્મ લેનાર વાછરડી દૈનિક ૨૦-૨૫ લિટર જેટલું દૂધ આપવાની ક્ષમતા ધરાવે છે. આમ જે ગાય કે વાછરડીની દૂધ ઉત્પાદન ક્ષમતા ૪-૫ લિટર છે, તેવી ગાયોમાં આવા ગર્ભ પ્રત્યારોપણ કરીને દૈનિક ૨૦-૨૫ લિટર દૂધ ઉત્પાદન કરતી નવીન પેઢી મેળવી શકીશું. જેથી બનાસકાંઠા અને વારાણસીના ખેડૂત ઓછા ખર્ચે વધુ આવક મેળવીને આર્થિક રીતે વધુ સક્ષમ બની શકશે.



- સામાન્ય રીતે કુદરતી/કુત્રિમ બીજદાન થકી એક સારી ગાયમાંથી એક વર્ષમાં વધુમાં વધુ એક જ વાછરડી /વાછરડો મેળવી શકાય છે. જ્યારે આ યોજનાની મદદથી સારી ઓલાદની એક જ ગાયમાંથી એક જ વર્ષમાં ૪૦-૫૦ જેટલા ગર્ભ તૈયાર કરી અલગ અલગ ગાયો/વાછરડીઓ માં મુકીને વધુમાં વધુ સારી ઓલાદની વધુ દૂધ આપતી વાછરડીઓ તૈયાર કરી શકાય છે.
- અમુક પશુઓમાં જોવા મળતી બંધ ગર્ભાશયની નળી (ફેલોપિયન ટ્યુબ) વાળા પશુઓ કુદરતી/કુત્રિમ બીજદાન થકી ગાભણ થઇ શકતા નથી. આવા પશુઓમાં માત્ર ગર્ભ પ્રત્યારોપણની મદદથી જ ગાભણ કરી શકાય છે.
- વધારે દૂધ આપતા પશુઓમાં જોવા મળતી ગંભીર બાવલાની બીમારી વાળી સારી ઓલાદ ની ગાયો કે જેની દૂધ ઉત્પાદન ક્ષમતા વધારે છે તેનો ડોનર એનિમલ તરીકે ઉપયોગ કરી સારી ઓલાદનો ગર્ભ બનાવી શકાય છે.

અત્યાર સુધીમાં આપણા બનાસકાંઠા જીલ્લામાં એન ડીડીબી, આણંદ અને રાષ્ટ્રીય ગોકુલ મિશન અંતર્ગત એન ડીએસ, દિલ્લીના સહયોગથી ગર્ભ પ્રત્યારોપણ કરવાની કામગીરી શરુ કરેલ છે અને તેમાંથી ૬૫ જેટલી વાછરડીઓ/ગાયો ગાભણ પણ થયેલ છે, ટૂંકસમયમાં આ યોજના આખા જીલ્લામાં શરુ કરવાનું પ્લાનિંગ આપણા ચેરમેન સાહેબે કરાવેલ છે. જેનો સીધો આર્થિક ફાયદો બનાસકાંઠા અને વારાણસીના દૂધ ઉત્પાદકોને થશે અને દૂધ ઉત્પાદકો વધુ આર્થિક પગભર થશે તેવો પ્રોજેક્ટ બનાસડેરી દ્વારા અમલમાં મુકવામાં આવેલ છે.



# ઉમંગ મોલ ગામડાઓમાં પાથરશે સમૃદ્ધિનો ઉજાશ

## ચેરમેન શ્રી શંકરભાઈએ કર્યું ઉમંગ મોલનું લોકાર્પણ




ગામડાઓને સુવિધાસભર બનાવી બનાસકાંઠા જિલ્લા, બનાસ ડેરી, લાખો પશુપાલકો તેમજ ખેડૂતોને સફળતા-સમૃદ્ધતા અને સર્વોપરિતાની નવી ઉંચાઈઓ સુધી લઈ જવાનો આત્મવિશ્વાસ, વિઝન તેમજ સપનું માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીની નીતિ, નિયત અને નેતૃત્વમાં ઝળકે છે. ખેડુતો અને પશુપાલકો દૂધ ઉત્પાદન થકી આર્થિક રીતે મજબુત બને, સાથે તેમને ઘર આંગણે જીવન જરૂરિયાતની તમામ પ્રકારની ચીજવસ્તુઓ મળી રહે તે અભિગમ સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના પારદર્શક વ્યવહાર અને સક્ષમ નેતૃત્વ હેઠળ બનાસ ડેરીએ બનાસકાંઠા જિલ્લાના અલગ અલગ ગામડાઓમાં સ્થિત અલગ અલગ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ખાતે નવા ઉમંગ મોલ શરૂ કરવામાં આવી રહ્યાં છે. તે હેઠળ ૨૩ ઓગષ્ટ, ૨૦૨૩ નાં રોજ ધાનેરા તાલુકાના વાછડાલ ગામે ઉમંગ મોલનું લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે બનાસ ડેરીનુ નિયામક મંડળના સભ્ય તેમજ હજારોની સંખ્યામાં ખેડૂતો તેમજ પશુપાલકો ઉપસ્થિતિ રહ્યા હતા.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉમંગ મોલાના લોકાર્પણ પ્રસંગે પશુપાલકોને સંબોધતા જણાવ્યું હતું કે પશુપાલકોના જીવનને સુવિધાથી સજ્જ, આર્થિકરીતે સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાના હકારાત્મક અભિગમ તેમજ ખેડૂત અને પશુપાલક પોતાના ઘરની નજીકથી જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ વિવિધ ખરીદીના વિકલ્પો સાથે ઉચ્ચ ગુણવતા અને વ્યાજબી ભાવે ખરીદી કરી શકે એ ઉદેશ્ય સાથે બનાસ ડેરી બનાસકાંઠા જિલ્લાના ગામોમાં ઉમંગ મોલ શરુ કરી રહી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની આત્મનિર્ભર ગ્રામની ભાવનાને બનાસ ડેરી સહકારી ક્ષેત્રમાં ઉમંગ મોલ થકી જનભાગીદારી દ્વારા સાકાર કરી રહી છે. જો ગામડાઓ સમૃદ્ધ,





સુવિધાસભર અને સ્વાવલંબી બનશે તો દેશ સર્વોપરી બનશે, એની સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર થવા સાથે દેશની અર્થવ્યવસ્થાને પાંચ ટ્રિલિયન ડોલર બનાવવામાં ગામડાઓનું યોગદાન અમૂલ્ય બની રહેશે, એવું માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉમંગ મોલના લોકાર્પણ પ્રસંગે જણાવ્યું હતું.

### ઉમંગ મોલની વિશેષતા

બનાસ ડેરી દ્વારા જિલ્લાભરના અલગ અલગ ગામડાઓમાં શરુ કરાયેલા ઉમંગ મોલ મોટા શહેરો, જિલ્લા-તાલુકાના બજારમાં જોવા મળતા મોલ કરતાં એકદમ અલગ અને શ્રેષ્ઠ છે. આ ઉમંગ મોલ અન્ય કરીયાણા દુકાન કરતાં પ્રોડક્ટ્સ વેચાણમાં વધુ શ્રેષ્ઠ અને ખરીદી કરવામાં વધુ સરળ છે. બનાસ ડેરીના આ ઉમંગ મોલમાં રોકડ વિના ખરીદી કરી શકાય છે, જયારે અન્ય કરીયાણા દુકાનમાં પૈસાની ચુકવણી ત્વરિત કરવાની હોય છે. આ ઉમંગ મોલમાં પ્રમાણિક રીતે કોપ્યુટર બિલિંગ કરાય છે, જયારે અન્ય કરીયાણા દુકાનમાં બિલ વગર વેચાણ કરવામાં આવે છે. આ ઉમંગ મોલમાં ૭ દિવસની વિનિમય સુવિધા ઉપલબ્ધ છે, જયારે અન્ય કરીયાણા દુકાનમાં આ સુવિધા ઉપલબ્ધ નથી. આ ઉમંગ મોલમાં વ્યક્તિગત કર્મચારીને તાલીમ આપવામાં આવે છે, જયારે અન્ય મોલમાં તાલીમનો અભાવ જોવા મળે છે. આમ, ઘણીબધી સકારાત્મક બાબતોના લીધે ઉમંગ મોલ ગ્રામીણ વિસ્તારમાં રહેતા પશુપાલક અને ખેડૂત માટે મદદરૂપ બનશે.

### ઉમંગ મોલ ગ્રામ્ય વિસ્તારમાં ઉજાશ પાથરશે

ગામડાઓમાં ઉમંગ મોલના આવવાથી પશુપાલકો-ખેડૂતોને મોટો ફાયદો થશે. કારણ કે હવે ખેડૂતો અને પશુપાલકોને ખરીદી કરવા માટે ઘરથી દુર ભાડું ખર્ચીને બજાર જવું નહિ પડે, ખરીદી માટે વધુ સમય બગાડવો નહિ પડે અને ખરીદી કરવા માટે રોકડ પૈસાની પણ જરૂર નહિ પડે. પશુપાલકોએ (મંડળીના સભ્યો) રોકડ પૈસા ચુકવ્યા વગર ઉમંગ મોલમાં જેટલી પણ વસ્તુઓ ખરીદવી હોય એ ખરીદી કરીને પોતાનો મેમ્બર કોડ ત્યાં કાઉન્ટર ઉપર આપવાનો અને બિલ ઓટોમેટિક દૂધના બેલેન્સની સામે એડજસ્ટ થઇ જશે એટલે કે દુધના પગારમાંથી ખરીદીની ચુકવણી થઇ જશે. આ ઉમંગ મોલમાં ખરીદી કરવાથી જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોના પૈસા એમની પાસે જ પરત આવશે તેમજ એમણે કરેલા ઉત્પાદનમાંથી બનાસ ડેરીમાં તૈયાર થયેલી વસ્તુઓ ઉમંગ મોલમાં વેચાશે, જેનો ફાયદો એમને મળશે.





# કુપોષણને નાથવા બનાસ ડેરી ગુજરાતભરમાં પહોંચાડે છે પોષણક્ષમ આહાર




સમગ્ર વિશ્વમાં પાંચ વર્ષ કરતાં ઓછી ઉંમર ધરાવતા બાળકો પૈકી ત્રીજા ભાગના બાળકો કુપોષણ અથવા વધારે પડતા વજન કે જીવન પર્યંત આરોગ્ય સંબંધિત સમસ્યાથી પીડિત છે. જે બાળકોમાં કુપોષણ અંગે યુનાઈટેડ નેશન્સ દ્વારા જાહેર કરાયેલાં અહેવાલમાં જાણવા મળ્યું છે. આ અંગે યુનિસેફના એક્ઝિક્યુટીવ ડિરેક્ટર હેનરીટ્ટ ફોરે ચોંકાવનારો ઘટસ્ફોટ કર્યો હતો કે, જો બાળકોને પૂરતું ભોજન નહીં પ્રાપ્ત થાય તો તેઓનું જીવન પણ એકંદરે નબળુ જ રહેશે. આપણે આરોગ્યપ્રદ ભોજન માટેની લડતમાં સ્થિતિ ગુમાવી રહ્યા છીએ. આ સ્થિતિ ગરીબ અને મધ્યમ-આવક ધરાવતા દેશોમાં સવિશેષ જોવા મળે છે. ચાર વર્ષ અથવા મોટી ઉંમરના બાળકો કુપોષણનો ભોગ બને છે અથવા તો આરોગ્યની દ્રષ્ટિએ માનસિક અને શારીરિક રીતે મુશ્કેલી ધરાવે છે. અત્યારે વિશ્વભરમાં બાળકો વેસ્ટીંગ, દુબળાપણા તેમ જ માંદગીનો સામનો કરી રહ્યા છે. આમ, આ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને બનાસ ડેરીએ કુપોષણને નાથવા યુનિસેફમાં માર્ગદર્શન અને ભારત સરકારના સહયોગથી બાળકો માટે પોષણક્ષમ વાનગી બનાવી આપવાનું બીડુ ઝડપ્યું છે, જે બાળકો માટે અસરકારક સાબિત થઈ રહી છે.

### કુપોષણથી બાળકોને રક્ષણ પૂરું પાડવા બનાસ ડેરીએ ઉપાડ્યું ભગીરથ કાર્ય

પહેલા ગુજરાતમાં સૌથી વધુ કુપોષણનો સામનો બનાસકાંઠા જિલ્લાના બાળકો કરી રહ્યા હતા. બનાસકાંઠા જિલ્લોએ આમ તો, અતિ પછાત અને અશિક્ષિત હતો. તેના કારણે લોકોમાં કુપોષણ અંગે પણ જાગૃતિ ન હોવાના કારણે મોટાભાગના બાળકો કુપોષિત હતાં. કુપોષણથી બાળકોને રક્ષિત કરવા માટે એશિયાની સૌથી મોટી બનાસ ડેરીએ આ ભગીરથ કાર્ય ઉપાડ્યું છે. જેમાં યુનિસેફના નીતિ નિયમો અને માર્ગદર્શન તેમજ ભારત સરકાર અને ગુજરાત સરકારના સહયોગથી બનાસડેરીએ બાળકો અને માતાઓ તેમજ સગર્ભા મહિલાઓને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે ટેઈક હોમ રાશન પ્લાન્ટની શરૂઆત કરી છે.

બનાસડેરી સંચાલિત ડીસા પાલનપુર હાઈવે પર આવેલ

બાદરપુરા ઓઇલ પ્લાન્ટ ખાતે હાલમાં આ ટેક હોમ રાશન પ્લાન્ટ કાર્યરત છે ૨૪ કલાક કાર્યરત એવા આ પ્લાન્ટમાં રોજનો ૨૦૦ ટનથી પણ વધારે પોષણ આહારનુ પેકિંગ કરવામાં આવે છે. અત્યાધુનિક અને સંપૂર્ણ કમ્પ્યુટરરાઇઝ્ડ આ પ્લાન્ટમાં સ્વચ્છતાથી લઈ ગુણવત્તા સુધીની તમામ બાબતોનું ચોકસાઈપૂર્ણ ધ્યાન રાખવામાં આવે છે. હાલમાં આ પ્લાન્ટમાં ૨૪ કલાક કામ ચાલે છે. જેમાં ૨૦૦ થી પણ વધુ લોકોને રોજગારી મળી છે.

ગરીબી અને નિરક્ષરતાના અભાવે મહિલાઓ સગર્ભાવસ્થા દરમિયાન પૂરતો પોષણ આહાર લેતી નથી. જેના કારણે ૦ થી ૬ વર્ષના બાળકો સુધીમાં કુપોષણની ખામીઓ જોવા મળે છે. ત્યારે આવા બાળકોને અને સગર્ભા મહિલાઓને ખાસ પોષણક્ષમ આહાર મળી રહે તે માટે આ પ્લાન્ટમાં પોષણક્ષમ આહારનું પેકિંગ કરવામાં આવે છે. જેમાં ઘઉં, ચોખા, દાળ, સોયાબીન, પામ તેલ અને વિટામિન્સને મિક્સ કરીને ફૂડ પેકેટ તૈયાર કરવામાં આવે છે.

બનાસડેરીના બાદરપુરા પ્લાન્ટ ખાતે રૂ. ૨૮.૫૦ કરોડના ખર્ચે આકાર પામેલ અને ૫૩૬૮ મેટ્રિક ટન આહાર પૂરો પાડતાં ૨૦૦ મેટ્રિકટન પ્રતિદિનની ક્ષમતા ધરાવતા ટેક હોમ રાશન પ્લાન્ટનું લોકાર્પણ ગુજરાત રાજ્યના પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ૨૬ જાન્યુઆરી, ૨૦૧૯ ના કર્યું હતું. જેમાં પૂર્ણાશક્તિ, માતૃશક્તિ અને બાળ શક્તિનું ઉત્પાદન થાય છે. આ પ્લાન્ટના પોષણક્ષમ આહાર દ્વારા ગુજરાતમાંથી કુપોષણ નાબૂદ કરવામાં મોટી મદદ મળી રહી છે. જેમાં ગુજરાત સરકાર દ્વારા સુનિશ્ચિત કરાયેલા ધારાધોરણો મુજબ પૂર્ણાશક્તિ માતૃશક્તિ અને બાલશક્તિ એમ ત્રણ પ્રકારના પોષક તત્વો યુક્ત ટેક હોમ રાશનનું ઉત્પાદન થાય છે.

મહિલાઓ માટે પૂર્ણાશક્તિ બાળકો માટે બાળશક્તિ અને સગર્ભા મહિલાઓ માટે માતૃશક્તિ એમ ત્રણ પ્રકારની પ્રોડક્ટ તૈયાર થાય છે. આ આહાર તૈયાર થાય તે પહેલા કાચા માલનું પણ લેબમાં ટેસ્ટ થાય છે અને આ પોષણક્ષમ આહાર તૈયાર થયા બાદ પણ તેની માઈક્રો લેબમાં ટેસ્ટીંગ થાય છે. ત્યારબાદ જ આ આહાર બાળકો અને મહિલાઓ સુધી પહોંચાડવામાં આવે છે. તેજ રીતે દૂધ સંજીવની યોજનાની નોડલ એજન્સી તરીકે કામ કરીને બનાસડેરી જિલ્લાભરની શાળાઓમાં પૌષ્ટિક દૂધ પહોચાડવાનું કામ પણ કરે છે. આમ, બનાસકાંઠા સહિત સમગ્ર ગુજરાતમાં કુપોષણ અસરગ્રસ્ત લોકોને પોષણક્ષમ આહાર આપવા માટે બનાસ ડેરીએ કાર્ય કરી રહી છે. જે અંતર્ગત ગુજરાતના ૧૫ જેટલાં જિલ્લાઓમાં પોષણક્ષમ આહારનું પેકીંગ કરી પ્લાન્ટથી લોકોના ઘર સુધી પહોંચાડવાનું કાર્ય પૂરજોશમાં ચાલી રહ્યું છે. ત્યારે બનાસ ડેરીએ આ કાર્ય શરૂ કર્યા બાદ કુપોષણમાં પણ ઉત્તરોત્તર ઘટાડો થયો હોવાનું સ્પષ્ટ દેખાઈ આવે છે.

### ટેક હોમ રાશન પ્લાન્ટ કાર્યરત થયા પછીની શ્રેષ્ઠ કામગીરી

- બનાસડેરી હેઠળ ૧૨ જિલ્લામાં ૧૭૦૦૦ આંગણવાડીઓમાં (અરવલ્લી, સાબરકાંઠા, બનાસકાંઠા, પાટણ, મહેસાણા, કચ્છ, મોરબી, પોરબંદર, જામનગર, જુનાગઢ, ગીર, સોમનાથ, દેવભૂમિ દ્વારકા) ટેક હોમ રાશન પૂરું પાડવામાં આવે છે.
- ઉત્પાદનઃ બાલ શક્તિ ૫૦૦ ગ્રામ, ૧ કિલો માતૃશક્તિ અને પૂર્ણાશક્તિ
- આ પ્લાન્ટની ક્ષમતા ૨૦૦ એમટી પ્રતિ દિવસ છે.
- ૨૦૦ એમટી પ્રતિ દીવસન ક્ષમતા હોવા છતાં એના કરતા વધુ ઉત્પાદન કરવામાં આવે છે.

### દેશના વરિષ્ઠ વ્યક્તિઓએ કરી કુપોષણ સામેના જંગમાં બનાસડેરીની પ્રવૃતિઓની સરાહના



- **યુનીસેફના ગુજરાત હેડ શ્રીમતી લક્ષ્મીબેન ભવાનીજીઃ** બનાસડેરી થકી કુપોષણ સામેની પ્રવૃતિઓની નોંધ લેતા તેમણે જણાવ્યું હતું કે બનાસડેરીનો ૪૨૧ જેટલો ફીલ્ડ સ્ટાફ ખેડૂત પરિવાર સાથે જોડાયેલો છે. ખેતી પદ્ધતિઓ વિશે શિક્ષિત કરવાની સાથે ગ્રામ્ય પ્રજામાં કિશોરવયે, સગર્ભાવસ્થા દરમ્યાન શું શું કાળજી રાખવી તેનું પોષણ વંદના કાર્યક્રમ અંતર્ગત શિક્ષણ આપવાનું કામ પણ કરે છે.
- **કેન્દ્રીય મહિલા અને બાલવિકાસ વિભાગના મંત્રી શ્રીમતી સ્મૃતિબેન ઈરાનીઃ** તેમણે કુપોષણ સામેના જંગમાં બનાસડેરીની પ્રવૃતિઓની સરાહના કરતા જણાવ્યું હતું કે એશિયાની સૌથી મોટી ડેરી બનાસડેરી થકી કુપોષણ નાબૂદીનું ઉત્તમ કામ થઇ રહ્યું છે.



# બનાસની ડિજિટલ શક્તિ

ડિજિટલાઇઝેશન એ સમયની જરૂરિયાત છે. એટલા માટે જ ૧ જુલાઈ, ૨૦૧૫ના રોજ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના નેતૃત્વમાં ડિજિટલ ઇન્ડિયાની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનને અનુસરીને બનાસ ડેરી પોતાની તમામ સેવા દૂધ ઉત્પાદકો સુધી ડિજિટલ રીતે પહોંચાડવાનો પ્રયાસ કરી રહી છે. ડિજિટલ બનાસનો મુખ્ય ઉદેશ્ય પશુપાલકોનું જીવન સુલભ અને સરળ બનાવવાનો છે. દુધના પૈસાની ચુકવણી સીધી દૂધ ઉત્પાદકોના બેંક ખાતામાં કરાય છે અને દૂધ ભરાયાની તમામ માહિતી એમના મોબાઈલ નંબર પર SMS મારફત મોકલવામાં આવે છે. જે પારદર્શક વ્યવસ્થા અને વ્યવહારનું પ્રતિક છે. ડિજિટલ બનાસ એ બનાસવાસીઓનો સંકલ્પ છે.

ડિજિટલ બનાસથી પશુપાલકોને કરાતી પૈસાની ચુકવણી, દૂધ ભર્યાની માહિતી, પશુ સારવાર, સંઘની યોજનાઓની માહિતી, રેડિયો સાંભળવો, દૂધ ટેન્કરને ટ્રેક કરવા, ડેરી કામગીરી પર સતત નજર જેવી અનેક સેવાઓ ખુબજ સરળ અને ઝડપી બની છે.





ચંદ્રયાન ૩ નું ચંદ્રની સપાટી પર સફળતાપૂર્વક લેન્ડિંગ થતાં ભારત ચંદ્રનાં સાઉથ પોલ પર ઉતરાણ કરનાર વિશ્વનો પ્રથમ દેશ બનીને ઈતિહાસ રચ્યો છે. આ ક્ષણ અભૂતપૂર્વ છે, જે વિકસિત ભારતની તસ્વીર દર્શાવે છે અને નવભારતનો જયઘોષ કરે છે.

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનાં નેતૃત્વમાં ઈસરોની ભવ્ય સફળતા બદલ વૈજ્ઞાનિકો અને સૌ દેશવાસીઓને ખૂબ ખૂબ અભિનંદન.

શ્રી શંકરભાઈ ચૌધરી (બનાસ ડેરી, ચેરમેન)





# ધાનેરા તાલુકાના વાછડાલ ગામે બનાસ બેંકની ATM સેવાનો શુભારંભ કરાવતા ચેરમેન શ્રી શંકરભાઈ



ધાનેરા તાલુકાના વાછડાલ ગામે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ બેંકની એ.ટી.એમ. સેવાનો શુભારંભ કર્યો હતો. તેઓશ્રી એ કાર્યક્રમમાં ઉપસ્થિત લોકો સાથે બનાસ બેંક કેવી રીતે ગ્રામ્ય વિસ્તારમાં આધુનિક બેન્કિંગ સુવિધા ઉપલબ્ધ કરાવી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકોનાં જીવન ધોરણને સરળ અને સુવિધાથી સજ્જ બનાવવા કટીબદ્ધ છે, તે સંદર્ભે સંવાદ કર્યો. તેમણે જણાવ્યું હતું કે સહકાર વિકાસ યોજના અંતર્ગત બનાસ બેંકમાં મહિલા દૂધ ઉત્પાદકોના નામે બેંક એકાઉન્ટ વધુમાં વધુ ખોલવામાં આવે તેમજ તમામ મંડળીઓને અધતન બેન્કિંગ ટેકનોલોજી સુવિધા આપવાનું નિશ્ચિત કરવામાં આવ્યું છે. આ પ્રસંગે ચેરમેન શ્રી એ ગામમાં વૃક્ષારોપણ કર્યું હતું. લોકભાગીદારી સાથે બનાસકાંઠાના ગ્રામ્ય વિસ્તારમાં હરિયાળી ક્રાંતિનું સર્જન થઈ રહ્યું છે, તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો.



# થરાદ તાલુકાના ડેલ ગામે શરૂ કરાયું મિલ્ક કલેક્શન સેન્ટર





વર્ષો પહેલા દેશની ગ્રામીણ અર્થવ્યસ્થા માત્ર ખેતી ઉપર જ આધારિત હતી. પરંતુ આજે દૂધ ઉત્પાદન કરીને ખેડૂતો-પશુપાલકો સફળ અને સમૃદ્ધ બની રહ્યાં છે. દૂધ ઉત્પાદન આજના સમયમાં ખેડૂતો માટે આવકનો એક સ્ત્રોત બની ગયો છે. વધુ ડીગ્રી પ્રાપ્ત કરેલા લોકો પણ દૂધ ઉત્પાદનનાં વ્યવસાયમાં જોડાઈ રહ્યાં છે. ગામડાના લોકોને પશુપાલન વ્યવસાયની સારી જાણકારી હોય છે પરંતુ તેઓ દુર દુર સુધી મિલ્ક કલેક્શન સેન્ટર જઈને દૂધ ભરાવતા હોય છે, જેના કારણે અનેક સમસ્યાઓનો પણ સામનો કરતાં હોય છે. થરાદ તાલુકાના ડેલ ગામ તેમજ એના આજુબાજુનાં વિસ્તારમાં દૂધનું ઉત્પાદન સારું એવું થઈ રહ્યું છે એટલે અહિયા મિલ્ક કલેક્શન સેન્ટરની શરૂઆત કરવામાં આવી છે.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ થરાદ તાલુકાના ડેલ ગામે બનાસ ડેરી દ્વારા સંચાલિત ધી ગોકુળ નગર મિલ્ક કલેક્શન સેન્ટરનો શુભારંભ કરાવ્યો હતો. આ મિલ્ક કલેક્શન સેન્ટર શરૂ થતાં આજુબાજુના ગામડાઓમાં રહેતા પશુપાલકો ઘરની નજીક સમયસર દૂધ ભરાવી શકશે, જેના કારણે દૂધની ગુણવત્તા પણ જળવાશે.

# સફેદ ચંદન એટલે સમૃદ્ધિનું સાધન

## બનાસકાંઠાનાં ખેડૂતો સફેદ ચંદનની ખેતી કરીને બનશે કરોડપતિઃ ચેરમેન શ્રી શંકરભાઈ



સફેદ ચંદન સદાબહાર વૃક્ષ છે. વૃક્ષમાંથી નીકળતું તેલ તથા લાકડું બન્ને ઔષધિઓ બનાવવામાં ઉપયોગી છે અને આયુર્વેદમાં ચંદનનો વ્યાપક પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવે છે, માટે વિદેશમાં તેની ખૂબજ માંગ છે. ખેડૂતો ઓછા પાણીએ, ઓછા ખર્ચે, ઓછી મહેનત અને ઓછી જમીન પર કરોડો રૂપિયાની કમાણી કરી શકે તે ઉદેશ્ય સાથે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ દાંતીવાડા તાલુકાના નિલપુર ગામે ચંદનના વૃક્ષની ખેતી કરવાની શરૂઆત કરાઈ. ચેરમેનશ્રી એ જણાવ્યું હતું કે બનાસકાંઠાનો ખેડૂત જો પરંપરાગત ખેતી સાથે દુધનો વ્યવસાય કરીને આવક પ્રાપ્ત કરતા થયા છે. છેલ્લા ૭ વર્ષથી ખેડૂતોમાં આવેલ જાગૃતતા અને કઈક નવુ કરવાની ખેવનાથી ખેડૂતો સફેદ ચંદનની ખેતીના કારણે કૃષિક્ષેત્રે રાજ્યમાં ડંકો વગાડવા સંકલ્પબદ્ધ બન્યા છે. બનાસકાંઠામાં ચંદનની ખેતી શરૂ થતાં ચંદન તો જંગલમાં જ ઉગે એવી માન્યતા ખોટી પડશે તેમજ આ ક્રાંતિ થકી આર્થિક વ્યવસ્થા મજબુત બનશે અને લાખો ખેડૂતો ખેતી કરવા પ્રેરિત થશે.

૨૦૦૩ માં ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે રાજ્યમાં એક મોટો નિર્ણય લીધો હતો. શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ડાંગ જિલ્લા સિવાયના તમામ રાજ્યોમાં ચંદનની ખેતીને મંજૂરી આપી હતી. તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ વિધાનસભામાં કાયદો ઘડીને આ નિર્ણય પસાર કરાવ્યો હતો. આ કાયદા મુજબ દરેક ખેડૂત





પોતાના ખેતરમાં ચંદનની ખેતી કરી શકે છે, એવું ચેરમેન શ્રીએ જણાવ્યું હતું.

માનનીય ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસકાંઠાનાં ખેડૂતોને સફેદ ચંદનની ખેતી તરફ દોરવા અને પ્રોત્સાહન પૂરું પાડતા જણાવ્યું હતું કે સફેદ ચંદનની ખેતી ખુબજ ફાયદાકારક છે. ખેડૂત પોતાની આવક વધારવા માટે પરંપરાગત પાકોની સાથે સફેદ ચંદનનાં વૃક્ષોનું વાવેતર કરે તો તે કરોડો રૂપિયાની કમાણી કરી શકે છે. સફેદ ચંદનનાં વૃક્ષનું લાકડું ખૂબ મોંઘા ભાવે વેચાય છે. તેનાથી ખેડૂતો કરોડો રૂપિયાની કમાણી કરી શકે છે, ખેતી દ્વારા ખેડૂતો સમૃદ્ધ બની શકે છે. પરંતુ આ માટે ખેડૂતોએ થોડી ધીરજથી કામ લેવું પડશે. કારણ કે ચંદનના વૃક્ષને તૈયાર થવામાં લગભગ ૧૦-૧૨ વર્ષનો સમય લાગે છે. ત્યારપછી ખેડૂતો આ ઝાડમાંથી મળતા લાકડા અને તેલમાંથી કરોડો રૂપિયાની કમાણી કરી શકે છે. ચંદનનો છોડ એક પરોપજીવી છોડ છે. તે અન્ય છોડની મદદથી તેનો ખોરાક મેળવે છે. એટલે શરૂઆતમાં જ્યારે ચંદનનું ઝાડ નાનું હોય છે, ત્યારે ખેડૂત તેની આજુબાજુ શાકભાજી, અન્ય પાકની ખેતી કરીને સારી કમાણી કરી શકે છે. જો અત્યારે ખેડૂત સફેદ ચંદનની ખેતી કરે અને તેના બાળકો ૧૦-૧૫ વર્ષના થાય ત્યારે ખેડૂત કરોડપતિ બની જશે. હમણાં કરેલી ખેતી તમને માત્ર ૧૦-૧૫ વર્ષમાં જ કરોડપતિ બનાવી શકે છે. એટલે પરંપરાગત ખેતી ચાલુ રાખો, પરંતુ સાથે સફેદ ચંદનની ખેતી કરી જીવનને ઉજ્જવળ બનાવો.

### ચંદનની ખેતી કરવી સરળ છે

પહેલા ચંદનની ખેતી પર પ્રતિબંધ હતો. તેની ખેતી માટે સરકાર પાસેથી પરવાનગી લેવી પડતી હતી, પરંતુ હવે તેની ખેતી પરનો પ્રતિબંધ હટાવી દેવામાં આવ્યો છે. તેથી જ ખેડૂતો તેમની ખાલી પડેલી જમીન પર ખેતી કરીને મોટો નફો કમાઈ શકે છે. ચંદનની ખેતીની ખાસ વાત એ છે કે તેમાં ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરવામાં આવે છે, જેના કારણે તેનો ઉત્પાદન ખર્ચ ઓછો થાય છે અને નફો પણ ઘણો સારો છે. તેના છોડને પણ ઓછી સંભાળની જરૂર પડે છે. આ ઉપરાંત તેની ખેતી માટે સરકાર દ્વારા સબસિડીનો લાભ પણ આપવામાં આવે છે.

### સફેદ ચંદનનો ઉપયોગ

સફેદ ચંદનના ઝાડમાંથી તેલ અને લાકડા બંનેનો ઉપયોગ દવાઓ બનાવવા માટે થાય છે. આ સિવાય તેના તેલની સુગંધનો ઉપયોગ સાબુ, સૌંદર્ય પ્રસાધનો અને પરફ્યુમ, અગરબત્તી બનાવવામાં થાય છે. ચંદનમાંથી બનેલા સાબુ અને અત્તર ખૂબ મોંઘા વેચાય છે. આ કારણે બજારમાં તેની માંગ વધારે છે. સાથે જ ચંદનમાંથી અનેક પ્રકારના રમકડાં અને શો પીસ પણ તૈયાર કરવામાં આવે છે. મંદિરોમાં તિલક લગાવવા અને પૂજાના કામમાં ચંદનનો ઉપયોગ કરવામાં આવે છે.

દેશના ઘણા વિસ્તારમાં ખેડૂતો હવે પરંપરાગત ખેતીને છોડીને તે પાકો તરફ ધ્યાન આપવા લાગ્યા છે, જેનું વેચાણ સારું થાય છે અને જેનો ભાવ પણ સારો મળે છે. દેશના ઘણા ખેડૂતો હવે સફેદ ચંદનની ખેતી કરવા લાગ્યા છે. સફેદ ચંદનની ખેતીની સાથે એક ખાસ વાત એ છે કે, જો તેના છોડને વ્યવસ્થિત રીતે તૈયાર કરવામાં આવે તો, તેનું વેચાણ ઊંચી કિંમતે થાય છે. એક ઝાડ જ તમને લાખો રૂપિયાની કમાણી કરાવી શકે છે. ભારતમાં ચંદનને પવિત્ર લાકડી માનવમાં આવે છે. પૂજામાં તિલક લગાવવાથી લઈને બ્યૂટી પ્રોડક્ટ્સ અને પરફ્યૂમ વગેરેમાં તેનો સારો ઉપયોગ કરવામાં આવે છે. સફેદ ચંદનની ખેતી થોડા વર્ષોમાં ખેડૂતોને કરોડપતિ બનાવી શકે છે.

